# પોસઇ ભરતી બોર્ડ-૨૦૨૧

**પોલીસ મહાનિદેશક, તાલીમની કચેરી,**

**૬ઠો માળ, પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૯**

**જાહેરાત ક્રમાંક : PSIRB/202021/1**

**ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ પોસઇ સંવર્ગની જગ્યાઓમાં સીધી ભરતી માટેની સુચનાઓ :-**

સરકારશ્રીના ગૃહવિભાગ, ગાંધીનગરના તા.૨૭/૧૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ મહક/ ૧૦૨૦૧૯/૫૭૦૨૩૫/સ તથા તા.૧૩/૧૧/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ મહક/ ૧૦૨૦૧૯/૫૭૦૨૩૫/સ થી નીચે જણાવ્યા મુજબ પો.સ.ઇ. ભરતી બોર્ડની રચના કરવામાં આવેલ છે.

| અ.નં. | અધિકારીશ્રીનુ નામ | હોદદો |
|---|---|---|
| ૧ | શ્રી વિકાસ સહાય,IPS | અધ્યક્ષ પો.સ.ઇ. ભરતી બોર્ડ અને પોલીસ મહાનિદેશક, તાલીમ, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૨ | શ્રી પીયૂષ પટેલ, IPS | સભ્ય પો.સ.ઇ. ભરતી બોર્ડ અને પોલીસ મહાનિરીક્ષક, હથિયારી એકમો, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| 3 | શ્રીમતી અર્ચના શિવહરે, IPS | સભ્ય પો.સ.ઇ. ભરતી બોર્ડ અને પોલીસ મહાનિરીક્ષક એસ. સી.આર.બી., ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૪ | શ્રી વિરેન્દ્ર યાદવ, IPS | સભ્ય પો.સ.ઇ. ભરતી બોર્ડ અને પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ. |
| ૫ | નાયબ સચિવશ્રી, (ટી.સી. એન્ડ ટી.) હોદદા જોગ | ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર. |

(૧) ગુજરાત પોલીસ દળમાં વર્ગ-૩ ની પો.સ.ઇ. કેડરની બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (UPSI) / હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પ્લાટુન કમાન્ડર) (APSI) / ઇન્ટેલીજન્સ ઓફિસર (IO) / બિન હથિયારી મદદનીશ સબ ઇન્સ્પેકટર (UASI) ની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે પો.સ.ઇ. ભરતી બોર્ડ દ્વારા ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ તમામ સંવર્ગની સબંધિત જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ લાયકાત પરીપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૧૬/03/૨૦૨૧ (બપોરના ૧૪.00 કલાક) થી તા.૩૧/03/૨૦૨૧ (રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર જઇ "પોલીસ ભરતીની જાહેરાત" ના પેજ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા ભરતીને લગતી માહિતી અને સૂચનાઓ ઉકત વેબસાઇટ પરથી

સંપૂર્ણપણે કાળજીપૂર્વક વાંચી  લેવાની રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. ટપાલથી કે રૂબરૂ મોકલવામાં આવેલ અરજીપત્રકો ધ્યાને લેવામાં આવશે નહીં તેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૨) ઉમેદવારે પોતાનો રંગીન પાસપોર્ટ સાઇઝના ફોટાની ઇમેજ ૧૫ KB અને સીગ્નેચરની ઇમેજ ૧૫ KB સાઇઝથી વધે નહીં તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી અરજી પત્રકમાં અપલોડ કરવાના રહેશે.

(૩) આ ભરતીથી કુલઃ ૧૩૮૨ ભરવાની થતી જગ્યાઓની વિગત નીચે મુજબ છેઃ

| સંવર્ગ | | બિન અનામત | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જન જાતિ | | સા.શૈ.પ. વર્ગ | | આર્થિક રીતે નબળા વર્ગ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા |
| ક | બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર | ૧૦૬ | ૫૨ | ૧ | ૦ | ૩૧ | ૧૫ | ૪૪ | ૨૧ | ૨૦ | ૧૦ | ૨૦૨ | ૯૮ |
| ખ | હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પ્લાટુન કમાન્ડર) | ૫૪ | ૦ | ૨ | ૦ | ૬ | ૦ | ૩ | ૦ | ૭ | ૦ | ૭૨ | ૦ |
| ગ | ઇન્ટેલીજન્સ ઓફિસર | ૧૦ | ૫ | ૦ | ૦ | ૨ | ૧ | ૫ | ૨ | ૧ | ૧ | ૧૮ | ૯ |
| ઘ | બિન હથિયારી મદદનીશ સબ ઇન્સ્પેકટર | ૨૭૧ | ૧૩૪ | ૪૬ | ૨૨ | ૯૮ | ૪૯ | ૧૭૮ | ૮૭ | ૬૬ | ૩૨ | ૬૫૯ | ૩૨૪ |
| | કુલ | ૪૪૧ | ૧૯૧ | ૪૯ | ૨૨ | ૧૩૭ | ૬૫ | ૨૩૦ | ૧૧૦ | ૯૪ | ૪૩ | ૯૫૧ | ૪૩૧ |

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...


## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
**Quality એટલે Crack GPSC**

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

આ એપ ડાઉનલોડ કરી ફ્રી ડેમો વિડિયો જુઓ, આપને ખરેખર લાગશે કે કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

ક્રેક GPSC

ખાસ નોંધ :

(A) ઉપર દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં ફેરફાર જરૂરી બનશે તો તે કરવાનો સરકારશ્રીનો અબાધિત હક્ક રહેશે અને તે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે.

(B) સરકારશ્રી / નામદાર સુપ્રીમ કોર્ટ / નામદાર હાઇકોર્ટ તરફથી વખતો વખત જે ચુકાદો/નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૪) સીધી ભરતીથી પસંદ થનાર તમામ ઉમેદવારોની નિમણુંક પ્રવર્તમાન નિયમો / પરીક્ષા નિયમો તથા નિતી વિષયક હુકમો/નિયમોને અનુલક્ષીને કરવામાં આવશે અને તે તમામ જોગવાઇઓ ઉમેદવારને બંધનકર્તા રહેશે. નિયમો/ઠરાવો/પરિપત્રો ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગની વેબ સાઇટ http://home.gujarat.gov.in તેમજ સામાન્ય વહીવટ વિભાગની વેબ સાઇટ http://gad.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

(૫) તમામ સંવર્ગની જગ્યાઓ માટે વય મર્યાદા, શૈક્ષણિક લાયકાત, જાતિનું પ્રમાણપત્ર, નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ, NCC "C" સર્ટીફિકેટ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી / રક્ષા શકિત યુનિવર્સિટીનું પ્રમાણપત્ર, રમત-ગમતનું પ્રમાણપત્ર, વિધવાનું પ્રમાણપત્ર સીધી ભરતી થવા માટેની વધારાની તમામ લાયકાત અને તમામ પ્રકારના સર્ટીફિકેટ તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં ઇશ્યુ થયેલા હોવા જોઇએ.

(૬) વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત :

પો.સ.ઇ. કેડરની જગ્યા માટે નીચે મુજબની વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત રહેશે.

| જગ્યાનું નામ | | વય-મર્યાદા (સામાન્ય) | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ક | બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર | લઘુત્તમ-૨૧ વર્ષ<br>મહત્તમ-૩૫ વર્ષ<br>(તા. ૩૧/૦૩/૧૯૮૬ થી તા.૩૧/૦૩/૨૦૦૦ સુધીમાં જન્મેલ.) | માન્ય યુનિ.ની સ્નાતક ડિગ્રી અથવા કાયદાકીય સ્થાપિત માન્ય સંસ્થાની ડિગ્રી અથવા યુનિ.ગ્રાન્ટ કમિશન એકટ-૧૯૫૬ ના સેકશન-૩ હેઠળની ડીમ્ડ યુનિ.ની ડિગ્રી અથવા સરકારે સમકક્ષ જાહેર કરેલ ડિગ્રી ધરાવતા હોવા જોઇએ. |
| ખ | હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પલાટુન કમાન્ડર) | | |
| ગ | ઇન્ટેલીજન્સ ઓફિસર | | |
| ઘ | બિન હથિયારી મદદનીશ સબ ઇન્સ્પેકટર | | |

નોંધ : ઉપર દર્શાવેલ ઉપલી વય-મર્યાદામાં નીચે જણાવેલ કેટેગરીના ઉમેદવારોને નિયમ મુજબની વધુ છુટ-છાટ મળશે.

1) **અનુસૂચિત જાતિ (SC) / અનુસૂચિત જન જાતિ (ST) / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) / અને આર્થિક રીતે નબળા (EWS) વર્ગના ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં નિયમ મુજબ છુટછાટ મળવાપાત્ર રહેશે.**

2) **તમામ મહિલા ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં નિયમ મુજબ છુટછાટ મળવાપાત્ર રહેશે.**

3) **એકસ સર્વિસમેનને ઉપલી વય મર્યાદામાં નિયમો: ગુ.રા.સેવા (માજી સૈનિકો માટે અનામત) નિયમો-૧૯૭૫ અને સુધારેલ નિયમો-૧૯૯૪ તથા વખતો-વખત સુધારેલ નિયમો મુજબ છુટછાટ મળવાપાત્ર રહેશે.**

4) **સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૨/૧૯૮૦, તા.૦૧/૦૮/૧૯૯૦ તથા તા.૧૮/૦૪/૨૦૦૧ ના ઠરાવથી ૨૫ રમતો/ખેલકુદની યાદીને માન્યતા આપવામાં આવેલ છે. જે ઠરાવની જોગવાઇઓ મુજબ રમતવીરોને ઉપલી વયમર્યાદામાં નિયમ મુજબ છુટછાટ મળવાપાત્ર રહેશે.**

5) **રાજયના પોલીસ દળમાં કોન્સ્ટેબલ / હેડ કોન્સ્ટેબલ /એ.એસ.આઇ. તરીકે હાલ સેવા બજાવી રહેલા ઉમેદવારોને ઉપલી વયમાં નિયમ મુજબ છુટછાટ મળવાપાત્ર રહેશે.**

6) **ઉપરોકત તમામ છુટાછાટ બાદ ઉમેદવાર (માજી સૈનિક સિવાય) ની ઉંમર ૪૫ (પિસ્તાલીસ) વર્ષથી વધુ ન હોવી જોઇએ.**

(૭) કોમ્પ્યુટર જ્ઞાન :

આ અંગે રાજય સરકારશ્રીએ વખતો-વખત નકકી કર્યા મુજબ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

(૮) તમામ ઉમેદવારો ભરતી નિયમો મુજબ ગુજરાતી અને હિન્દી ભાષાનું જરૂરી જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. તેમજ ભારતનું નાગરિકત્વ, શારીરિક યોગ્યતા અને સારા ચારિત્ર્ય અંગેની ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ ઉમેદવારોએ પરિપૂર્ણ કરવાની રહેશે.

(૯) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ તે જ્ઞાતિના મળવાપાત્ર લાભ લેવા માટે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૬.૦૪.૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ થી જણાવ્યા મુજબ બિન ઉન્નત વર્ગના (Non Creamy Layer)ની અવધી (Validity) આવું પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ વર્ષની રહેશે. (કોવીડ-૧૯ના કારણે ૧ (એક) વર્ષ વધારવામાં આવેલ છે) જેથી **બિન ઉન્નત વર્ગ (Non Creamy Layer)નું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે અને આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૨૧ ની વચ્ચેના સમયગાળામાં ઇસ્યુ થયેલ હોવું જોઇએ.** આ

પ્રમાણપત્ર માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે. અન્યથા અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.

(૧૦) આર્થિક નબળા વર્ગ (EWS) નું પ્રમાણપત્ર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત નમૂના (અંગ્રેજીમાં Annexure-KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ આર્થિક નબળા વર્ગો માટેના પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે અને આ પ્રમાણપત્ર **તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં ઇસ્યુ થયેલ હોવું જોઇએ.**

આર્થિક નબળા વર્ગ (EWS) નું પ્રમાણપત્ર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત નમૂના પરિશિષ્ટ-ક મુજબનું **બિન ઉન્નત વર્ગ (Non Creamy Layer)નું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે અને આ પ્રમાણપત્ર તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૦૩/૨૦૨૧ વચ્ચેના સમયગાળામાં ઇશ્યુ થયેલ હોવુ જોઇએ.**

આ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે. અન્યથા અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.

**(૧૧) માજી સૈનિકો (Ex-Serviceman) માટે ગુ.રા.સેવા (માજી સૈનિકો માટે અનામત) નિયમો-૧૯૭૫ અને સુધારેલ નિયમો-૧૯૯૪ તથા વખતો-વખત સુધારેલ નિયમો મુજબ અનામત મળવાપાત્ર રહેશે.**

(૧૨) શારીરિક ધોરણો :

(એ) પુરૂષ ઉમેદવારો માટે :

| વર્ગ | ઉંચાઇ (સે.મી. માં) | છાતી (સે.મી. માં) | | વજન (કિ.ગ્રા. માં) |
|---|---|---|---|---|
| | | ફુલાવ્યા વગરની | ફુલાવેલી | |
| મૂળ ગુજરાતના અનુસુચિત જન જાતિના ઉમેદવારો માટે | ૧૬૨ | ૭૯ | ૮૪ | ૫૦ |
| અનુસુચિત જન જાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે | ૧૬૫ | ૭૯ | ૮૪ | ૫૦ |

- છાતીનો ફુલાવો ઓછામાં ઓછો ૫ સે.મી. થવો અનિવાર્ય છે.

(બી) મહિલા ઉમેદવારો માટે :

| વર્ગ | ઉંચાઇ (સે.મી. માં) | વજન (કિ.ગ્રા. માં) |
|---|---|---|
| મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે | ૧૫૬ | ૪૦ |
| અનુસુચિત જન જાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે | ૧૫૮ | ૪૦ |

(૧૩) ઉમેદવાર નીચે જણાવ્યા પૈકીની એક કે વધારે શારીરિક ખામી ધરાવતો હશે તો તેને શારીરિક રીતે અયોગ્ય ગણવામાં આવશે.

(૧) વાંકા ઢીંચણવાળા (Knock Knee)

(૨) ફુલેલી છાતી (Pigeon Chest)

(૩) ત્રાંસી આંખ (Squint Eye)

(૪) સપાટ પગ (Flat Feet)

(૫) કાયમની અતિશય ફુલેલી નસ (Varicose Veins)

(૬) ફુલેલો અંગુઠો (Hammer Toes)

(૭) અસ્થિભંગ અંગ (Fractured Limb)

(૮) સડેલા દાંત (Decayed Teeth)

(૯) ચેપી ચામડીના રોગ (Communicable Skin Disease)

(૧૦) રંગ અંધત્વની ખામી (Colour Blindness)

(૧૪) બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (UPSI) / હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પ્લાટુન કમાન્ડર) (APSI) / ઇન્ટેલીજન્સ ઓફિસર (IO) અને બિન હથિયારી મદદનીશ સબ ઇન્સ્પેકટર (UASI) વર્ગ-૩ ભરતી નિયમો – ૨૦૨૧ માં જણાવેલ SHAPE-1 મુજબ ઉમેદવાર માનસિક, શ્રવણશકિત, અપેન્ડેજ (Appendage), સામાન્ય કામ માટે ભૌતિક ક્ષમતા, દ્રષ્ટિ વિગેરેમાં સામાન્ય વ્યવસાયિક કાર્યો કરવા અંગે સંપૂર્ણ રીતે સક્ષમ હોવા જોઇશે. આ અંગે જરૂરી તબીબી પરિક્ષણમાં પાસ થવાનું રહેશે. તેમજ ભૂતકાળમાં માનસિક તેમજ વાઇ (Fits), કાયમની અતિશય ફુલેલી નસ (Varicose Venis)ની બિમારી ધરાવતા ન હોવા જોઇએ.

(૧૫) <u>શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test)</u> :

- શારીરિક કસોટી (Physical Test) માટે વહીવટી અનુકુળતા મુજબ કોઇપણ તારીખે અને સમયે ઉમેદવારોને બોલાવવામાં આવશે અને તે મુજબ શારીરિક કસોટી (Physical Test)માટે ઉમેદવારોએ તેઓને જણાવવામાં આવે તે કેન્દ્ર ખાતે હાજર રહેવાનું રહેશે. શારીરિક કસોટી (Physical Test) માટે તારીખ અને સમય બદલવા અંગેની ઉમેદવારોની કોઇ પણ રજૂઆત કોઇ પણ સંજોગોમાં ધ્યાને લેવામાં આવશે નહીં. આ બાબતમાં બોર્ડનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

| | | તમામ જગ્યાઓ માટે નીચે પ્રમાણે એક જ સંયુકત શારીરિક કસોટી યોજાશે. | | |
|---|---|---|---|---|
| દોડ | પુરૂષ | (ક) | ૫૦૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૨૫ મિનિટમાં દોડ પુરી કરવાની રહેશે. |
| | મહિલા | (ખ) | ૧૬૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૯ મિનિટ ૩૦ સેકન્ડમાં દોડ પુરી કરવાની રહેશે. |
| | એક્સ સર્વિસમેન | (ગ) | ૨૪૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૧૨ મિનીટ ૩૦ સેકન્ડમાં દોડ પુરી કરવાની રહેશે. |

➢ (એ) <u>પુરૂષ ઉમેદવારો માટે</u> :

➢ ૫૦૦૦ મીટરની દોડ મહત્તમ ૨૫ મિનીટમાં પૂર્ણ કરવાની રહેશે અને તે માટે નીચે મુજબ ગુણભાર આપવામાં આવશે.

| | |
|---|---|
| ૨૦ મિનીટ અથવા તે કરતા ઓછી મિનીટમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૫૦ માકર્સ |
| ૨૦ મિનીટ કરતા વધુ અને ૨૦.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૮ માકર્સ |
| ૨૦.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૧ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૫ માકર્સ |
| ૨૧ મિનીટ કરતા વધુ અને ૨૧.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૨ માકર્સ |
| ૨૧.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૨ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૯ માકર્સ |
| ૨૨ મિનીટ કરતા વધુ અને ૨૨.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૬ માકર્સ |
| ૨૨.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૩ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૩ માકર્સ |
| ૨૩ મિનીટ કરતા વધુ અને ૨૩.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૦ માકર્સ |
| ૨૩.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૪ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૭ માકર્સ |
| ૨૪ મિનીટ કરતા વધુ અને ૨૪.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૪ માકર્સ |
| ૨૪.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૫ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૦ માકર્સ |
| ૨૫ મિનીટ કરતા વધુ સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવાર | નાપાસ |

➢ (બી) <u>મહિલા ઉમેદવારો માટે</u> :

➢ ૧૬૦૦ મીટરની દોડ મહત્તમ ૯.૩૦ મિનીટમાં પૂર્ણ કરવાની રહેશે અને તે માટે નીચે મુજબ ગુણભાર આપવામાં આવશે.

| | |
|---|---|
| ૭ મિનીટ અથવા તે કરતા ઓછી મિનીટમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૫૦ માકર્સ |
| ૭ મિનીટ કરતા વધુ અને ૭.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૫ માકર્સ |
| ૭.૩૦ મિનીટ કરતા વધુ અને ૮ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૦ માકર્સ |
| ૮ મિનીટ કરતા વધુ અને ૮.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૫ માકર્સ |
| ૮.૩૦ મિનીટ કરતા વધુ અને ૯ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૦ માકર્સ |
| ૯ મિનીટ કરતા વધુ અને ૯.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૦ માકર્સ |
| ૯.૩૦ મિનીટ કરતા વધુ સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવાર | નાપાસ |

➢ (સી) <u>એકસ સર્વિસમેન ઉમેદવારો માટે</u> :

➢ ૨૪૦૦ મીટરની દોડ મહત્તમ ૧૨.૩૦ મિનીટમાં પૂર્ણ કરવાની રહેશે અને તે માટે નીચે મુજબ ગુણભાર આપવામાં આવશે.

| | |
|---|---|
| ૧૦ મિનીટ અથવા તે કરતા ઓછી મિનીટમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૫૦ માકર્સ |
| ૧૦ મિનીટ કરતા વધુ અને ૧૦.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૫ માકર્સ |
| ૧૦.૩૦ મિનીટ કરતા વધુ અને ૧૧ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૦ માકર્સ |
| ૧૧ મિનીટ કરતા વધુ અને ૧૧.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૫ માકર્સ |
| ૧૧.૩૦ મિનીટ કરતા વધુ અને ૧૨ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૦ માકર્સ |
| ૧૨ મિનીટ કરતા વધુ અને ૧૨.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૦ માકર્સ |
| ૧૨.૩૦ મિનીટ કરતા વધુ સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવાર | નાપાસ |

- શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) માં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને શારીરિક માપદંડ (Physical Standard Test) માટે બોલાવવામાં આવશે. જેમાં ફકરા નંબર ૧૨ માં જણાવ્યા મુજબ ઉંચાઇ, છાતી અને વજનની માપણી કરવામાં આવશે.

- શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) તથા શારીરિક માપદંડ (Physical Standard Test) માં ઉત્તીર્ણ તમામ ઉમેદવારોને અથવા મેરીટના આધારે ખાલી જગ્યાના કેટેગીરીવાઇઝ ૧૫ (પંદર) ગણા ઉમેદવારોને બંન્નેમાંથી જે ઓછા હોય તે પ્રિલિમીનરી પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

(૧૬) <u>પ્રિલીમીનરી પરીક્ષા</u> :

તમામ સંવર્ગની જગ્યાએ ભરતી થવા માટે પ્રિલીમીનરી પરીક્ષા એ અનિવાર્ય કવોલીફાઇંગ ટેસ્ટ છે. પ્રિલીમીનરી પરીક્ષા ૧૦૦ પ્રશ્નના હેતુલક્ષી (ઓબ્જેકટીવ) પ્રશ્નપત્રમાં લેવાશે. જેમાં દરેક પ્રશ્નના એક ગુણ લેખે કુલ ગુણ ૧૦૦ રહેશે. જે પરીક્ષાનો સમય બે કલાકનો રહેશે. આ પક્ષપત્રમાં સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, સમાજ શાસ્ત્ર, વિજ્ઞાન તેમજ મેન્ટલ એબીલીટી ને લગતા પ્રાથમિક પ્રકારના પ્રશ્નો આવરી લેવાશે. આ લેખિત પરીક્ષા **MCQ (Multiple Choice Question)** અને **OMR (Optical Mark Reader)** પદ્ધતિમાં લેવામાં આવશે. તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. દરેક પ્રશ્નમાં એક "Not Attempted" નું વિકલ્પ પણ આપવામાં આવશે જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ નહીં આપવા માંગતા હોય તો "Not Attempted" વિકલ્પની પસંદગી કરવાની રહેશે. "Not Attempted" વિકલ્પને પસંદ કરવામાં આવે તો કોઇ નેગેટીવ માર્કીંગ થશે નહીં. દરેક સાચા જવાબ માટે એક ગુણ મળશે. તેમજ દરેક ખોટા જવાબ માટે નેગેટીવ ગુણ ૦.૨૫ રહેશે. OMR શીટમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરશે તો તે જવાબ ખોટો ગણી નેગેટીવ ગુણ આપવામાં આવશે. ઉમેદવારે કોઇપણ વિકલ્પ પસંદ કરેલ નહીં હોય તો ૦.૨૫ ગુણ નેગેટીવ ગણવામાં આવશે.

- <u>પ્રિલીમીનરી પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.</u>
- પ્રિલીમીનરી પરીક્ષામાં ઉતીર્ણ થવા માટે લુધત્તમ લાયકાત ૪૦% રહેશે. પ્રિલિમીનરી પરિક્ષામાં ૪૦% ગુણ મેળવેલ તમામ ઉમેદવારો અથવા મેરીટના આધારે ખાલી જગ્યાના કેટેગીરીવાઇઝ ૩ (ત્રણ) ગણા ઉમેદવારો, બંન્નેમાંથી જે ઓછા હોય તેવા ઉમેદવારોને મુખ્ય પરિક્ષા (Main Exam) માટે બોલાવવામાં આવશે.

(૧૭) <u>મુખ્ય પરીક્ષા **(Main Exam):**</u>

**ચાર પ્રશ્નપત્રોની MCQ (Multiple Choice Question) અને OMR (Optical Mark Reader) પદ્ધતિમાં પરીક્ષા લેવામાં આવશે. જે નીચે પ્રમાણે રેહશે.**

| | |
|---|---|
| પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી ભાષા કુલ-૧૦૦ ગુણ સમય- ૨ કલાક |

| | |
|---|---|
| | (પ્રશ્નોમાં વ્યાકરણ, મૌખિક ક્ષમતા, રૂઢીપ્રયોગો, શબ્દ કોષ, કોમ્પ્રીહેન્શન વિગેરેનો સમાવેશ થશે.) |
| પ્રશ્નપત્ર-૨ | અંગેજી ભાષા કુલ-૧૦૦ ગુણ સમય- ૨ કલાક<br><br>**(Questions shall be objective type which shall include Grammar, Verbal aptitude, Vocabulary, Idioms, Comprehension etc.)** |
| પ્રશ્નપત્ર-3 | સામાન્ય જ્ઞાન કુલ-૧૦૦ ગુણ સમય- ૨ કલાક<br><br>(વર્તમાન પ્રવાહો અને કોમ્પ્યુટર જ્ઞાન અને મનોવૈજ્ઞાનિક બાબતો) |
| પ્રશ્નપત્ર-૪ | કાયદાકીય બાબતો કુલ ગુણ-૧૦૦ સમય– ૨ કલાક |
| | આ પ્રશ્નપત્રમાં નીચેના કાયદાને લગતા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પુછવામાં આવશે. |
| | (૧) ભારતનું બંધારણ (૨) ક્રીમીનલ પ્રોસીજર કોડ- ૧૯૭૩ (૩) ઇન્ડીયન પીનલ કોડ- ૧૮૬૦ (૪) એવીડન્સ એકટ- ૧૮૭૨ (૫) ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ (૬) ગુજરાત પ્રોહીબીશન એકટ- ૧૯૪૯ (૭) ભ્રષ્ટાચાર નાબૂદી અધિનિયમ-૧૯૮૮ (૮) અનુજાતિ/અનુ.જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો-૧૯૮૯ (૯) મોટર વાહન અધિનિયમ-૧૯૮૮. |

**નોંધઃ-** (i) **તમામ પ્રશ્નપત્રો** હેતુલક્ષી (ઓબ્જેકટીવ) પ્રકારના રહેશે. દરેક પ્રશ્નના પાંચ વિકલ્પમાંથી એક જવાબ પસંદ કરવાનો રહેશે. તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. દરેક પ્રશ્નમાં એક "Not Attempted" નું વિકલ્પ પણ આપવામાં આવશે જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ નહીં આપવા માંગતા હોય તો "Not Attempted" વિકલ્પની પસંદગી કરવાની રહેશે. "Not Attempted" વિકલ્પને પસંદ કરવામાં આવે તો કોઇ નેગેટીવ માર્કીંગ થશે નહીં. દરેક સાચા જવાબ માટે એક ગુણ મળશે. તેમજ દરેક ખોટા જવાબ માટે નેગેટીવ ગુણ ૦.૨૫ રહેશે. OMR શીટમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરશે તો તે જવાબ ખોટો ગણી નેગેટીવ ગુણ આપવામાં આવશે. ઉમેદવારે કોઇપણ વિકલ્પ પસંદ કરેલ નહીં હોય તો ૦.૨૫ ગુણ નેગેટીવ ગણવામાં આવશે.

(ii) પ્રશ્નપત્ર-૧ ગુજરાતી અને પ્રશ્નપત્ર-૨ અંગ્રેજીનું ધોરણ ઉચ્ચતર માધ્યમિક શાળા (HSC) લેવલનું રહેશે.

(iii) પ્રશ્નપત્ર-3 સામાન્ય જ્ઞાન અને મનોવૈજ્ઞાનિક બાબતોનું ધોરણ સ્નાતક (Graduate) લેવલનું રહેશે તેમજ કોમ્પ્યુટર જ્ઞાનનું ધોરણ ઉચ્ચતર માધ્યમિક શાળા (HSC) લેવલનું રહેશે.

(iv) મુખ્ય પરીક્ષામાં ઉતીર્ણ થવા માટે ૪૦ % માકર્સ લઘુત્તમ લાયકાત રહેશે.

(૧૮) વિશેષ ગુણ ભારાંક :

મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણમાં નીચે જણાવ્યા મુજબ જે તે ઉમેદવારોને મળવાપાત્ર વધારાના ગુણ ઉમેરવામાં આવશે.

(i) એન.સી.સી. નું "સી" સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના ૨ (બે) ગુણ આપવામાં આવશે.

(ii) સરકારશ્રી ગૃહવિભાગ, ગાંધીનગરના તા.૦૪/૦૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : જીજી/જીયુજે/૦૪/૨૦૨૧/એમએચકે/૧૦૨૦૧૦/૩૩૫/સી માં કરેલ જોગવાઇ મુજબ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી / રક્ષા શકિત યુનિર્વસિટી દ્વારા અપાતા પ્રમાણપત્ર મેળવેલ હશે તેમને નિયમોનુસાર નીચે મુજબ વધુ ગુણ આપવામાં આવશે.

ડીસ્ટીન્કશન – ૧૫ (પંદર) ગુણ
ફર્સ્ટ ક્લાસ – ૧૨ (બાર) ગુણ
સેકન્ડ ક્લાસ– ૦૯ (નવ) ગુણ
પાસ ક્લાસ – ૫ (પાંચ) ગુણ

(iii) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦૭૩-૨૬૬૦-ગ-૨, તા.૧૦/૦૫/૧૯૮૨ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૮૨-૧૧-ગ-૨, તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪-ગ-૨, તા.૧૮/૦૪/૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૯/યુ.ઓ.-૪૧૧૦/ગ.૨, તા.૧૧/૧૦/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦૨૦૦૫-યુઓ-૧૨૭૭-ગ.૨, તા.૦૫/૧૨/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૦૪/સીએમ-૧૪/ગ.૨ અને તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ-૨ માં નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા રમતવીર ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના વધુ ૫ % ગુણ આપવામાં આવશે. ગ્રામ્ય/**તાલુકા/જીલ્લા કક્ષાના સ્પર્ધકોને વધુ** ગુણભાર **મળવાપાત્ર નથી.**

(iv) સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ અને તા.૩૧/૦૮/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ માં ઠરાવ્યા મુજબ વિધવા મહિલા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના વિશેષ ૫ % ગુણ આપવામાં આવશે.

(૧૯) જરૂરી સૂચનાઓ :

(૧૯.૧) દસ્તાવેજ ચકાસણી માટે ઉમેદવારોનું મેરીટ નીચે મુજબના ગુણને ધ્યાને લઇ નક્કી કરવામાં આવશે.

(૧) શારીરીક ક્ષમતા કસોટીમાં મેળવેલ ગુણ

(૨) મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણ

(૩) એન.સી.સી. "સી" સર્ટીફીકેટ આધારે મળવાપાત્ર વિશેષ ગુણ

(૪) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી / રક્ષા શકિત યુનિવર્સિટીના પ્રમાણપત્ર આધારે મળવાપાત્ર વિશેષ ગુણ

(૫) વિધવા મહિલાને મળવાપાત્ર વિશેષ ગુણ

(૬) માન્ય સ્પોર્ટ્સ સર્ટીફીકેટ આધારે મળવાપાત્ર વિશેષ ગુણ

**અત્રે ઉલ્લેખનીય છે કે સરકારશ્રીના નિયમોનુસાર વર્ગ-૩ની ભરતી માટે મૌખિક ઇન્ટરવ્યુ રદ કરેલ છે જેથી ઉપરોકત જણાવેલ ગુણનો સરવાળો કરી મેરીટના આધારે ખાલી જગ્યાના આશરે ૨ (બે) ગણા ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવશે. જેના આધારે અંતિમ પસંદગી યાદી બોર્ડ ધ્વારા તૈયાર કરવામાં આવશે.**

(૧૯.૨) ઉમેદવારોએ અમલમાં હોય તેવા સરકારના નિયમો/હુકમો મુજબ હિન્દી/ગુજરાતી/અંગ્રેજી ભાષાની તાલીમ/ અન્ય ખાતાકીય તાલીમ/ પૂર્વસેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા આપવાની અને પાસ કરવાની રહેશે.

(૧૯.૩) બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (UPSI) અને ઇન્ટેલીજન્સ ઓફિસર (IO) સંવર્ગમાં પસંદગી પામેલ ઉમેદવારોનો પ્રવર્તમાન હુકમો મુજબ કરારનો સમયગાળો પાંચ વર્ષનો રહેશે આ સમય દરમ્યાન માસિક રૂા. ૩૮,૦૯૦/- ના એકત્રિત વેતન તેમજ સરકારશ્રી જો કોઇ બીજા ભથ્થા નક્કી કરે તો તે મુજબના વેતનથી ફિકસ્ડ પગાર જ મળવાપાત્ર થશે અને કરારના સમયગાળા દરમ્યાન સંતોષકારક રીતે તાલીમ અને નોકરી પૂર્ણ કરશે તો જે-તે સંવર્ગના પગાર ધોરણમાં નિયમિત નિમણુંક આપવામાં આવશે.

(૧૯.૪) હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પ્લાટુન કમાન્ડર) સંવંગમાં પસંદગી પામેલ ઉમેદવારો પ્રવર્તમાન હુકમો મુજબ ૨૭ માસ સુધી કરાર આધારિત માસિક રૂા. ૩૮,૦૯૦/-ના એકત્રિત વેતન તેમજ સરકારશ્રી જો કોઇ બીજા ભથ્થા નક્કી કરે તો તે મુજબના વેતનથી ફિકસ્ડ પગાર જ મળવાપાત્ર થશે અને કરારના સમયગાળા દરમ્યાન સંતોષકારક તાલીમ અને નોકરી પૂર્ણ કરશે તો જે-તે સંવર્ગના પગાર ધોરણમાં નિયમિત નિમણુંક આપવામાં આવશે. આ સંવર્ગના પસંદગી પામેલ ઉમેદવારોએ કરાર આધારિત સમય દરમ્યાન લાઇટ મોટર વ્હીકલ/હેવી મોટર વ્હીકલ માટેનું લાયસન્સ મેળવી લેવાનું રહેશે.

(૧૯.૫) બિન હથિયારી મદદનીશ સબ ઇન્સ્પેકટર (UASI) ના સંવર્ગમાં પસંદગી પામેલ ઉમેદવારો પ્રવર્તમાન હુકમો મુજબ કરારનો સમયગાળો પાંચ વર્ષનો રહેશે આ સમય દરમ્યાન માસિક રૂા. ૧૯,૯૫૦/- ના એકત્રિત વેતન તેમજ સરકારશ્રી જો કોઇ બીજા ભથ્થા નક્કી કરે તો તે મુજબના વેતનથી ફિકસ્ડ પગાર જ મળવાપાત્ર થશે અને કરારના સમયગાળા દરમ્યાન

સંતોષકારક રીતે નોકરી અને તાલીમ પૂર્ણ કરશે તો જે-તે સંવર્ગના પગાર ધોરણમાં નિયમિત નિમણુંક આપવામાં આવશે.

(૧૯.૬) બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (UPSI), ઇન્ટેલીજન્સ ઓફિસર (IO) અને બિન હથિયારી મદદનીશ સબ ઇન્સ્પેકટર (UASI) ના સંવર્ગમાં પસંદગી પામેલ ઉમેદવારોએ પ્રવર્તમાન હુકમો મુજબ તેઓના કરાર આધારિત સમયગાળા દરમ્યાન નિયમ મુજબ લાઇટ મોટર વ્હીકલ / હેવી મોટર વ્હીકલ ડ્રાઇવીંગ લાયસન્સ મેળવી લેવાનું રહેશે.

(૧૯.૭) પો.સ.ઇ. સંવર્ગની જગ્યાઓમાં નીચેની જગ્યાઓમાં નિમણુંક મળવાપાત્ર થશે.

(i) બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પુરૂષ/મહિલા)

(ii) હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પ્લાટુન કમાન્ડર) (પુરૂષ)

(iii) ઇન્ટેલીજન્સ ઓફિસર (પુરૂષ/મહિલા)

(iv) બિન હથિયારી મદદનીશ સબ ઇન્સ્પેકટર (પુરૂષ/મહિલા)

ઉમેદવારોએ દસ્તાવેજ ચકાસણી માટેના કોલલેટર ડાઉનલોડ કરતી વખતે તેમની પસંદગીનો સંવર્ગ (Preference) જણાવવાનો રહેશે. જે ધ્યાને લઇ તથા ઉમેદવારના મેરીટ ધ્યાનમાં લઇ પસંદગીનો સંવર્ગ નકકી કરવામાં આવશે. આ અંગે બોર્ડનો નિર્ણય આખરી રહેશે. **એક વાર પસંદગીનું સંવર્ગ (Preference) આપ્યા બાદ કોઇપણ સંજોગોમાં બદલવામાં આવશે નહીં તે તમામને બંધનકર્તા રહેશે.**

(૧૯.૮) નિમણુંક પામનાર તમામ ઉમેદવારોને પ્રવર્તમાન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

(૧૯.૯) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઇપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. તેમજ તેમની ઉમેદવારી પણ રદ્દ કરવામાં આવશે.

(૧૯.૧૦) જાહેરાતમાં કોઇપણ કારણોસર રદ્દ / ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો બોર્ડ/સરકારશ્રીનો સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

(૧૯.૧૧) ઓનલાઇન એપ્લીકેશન સ્વીકારવાની મુદ્દત પૂર્ણ થયા બાદ આગામી ભરતી પ્રક્રિયા જેવી કે શારીરિક ક્ષમતા કસોટી/ શારીરિક માપ કસોટીની માહિતી, પ્રિલિમીનરી પરિક્ષાની માહિતી, મુખ્ય પરીક્ષાની માહિતી, દસ્તાવેજ ચકાસણીની માહિતી તથા અન્ય જરૂરી માહિતી વખતો વખત https://ojas.gujarat.gov.in વેબ સાઇટ ઉપર અથવા ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. જેથી તે અંગે માહિતગાર રહેવાનું રહેશે.

(૧૯.૧૨) એક ઉમેદવાર એક અરજી (No Multiple Application)

એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં એકથી વધુ અરજી (Multiple Application) ના કિસ્સામાં સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ્દ થશે અને ભરેલ ફી ના નાણાં પરત મળશે નહીં.

(૧૯.૧૩) મહિલાઓની અનામત જગ્યાઓ માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૦૨/૦૯/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં તેમજ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ ગ.૨ થી જોગવાઇઓને અનુસરવાનું રહેશે.

(૧૯.૧૪) માજી સૈનિક માટે THE GUJARAT CIVIL SERVICES (RESERVATION OF VACANCIES FOR EX-SERVICEMEN IN CLASS III AND CLASS IV POST AND SERVICE RULES,1975 તથા વખતો-વખતના સુધારામાં કરેલ જોગવાઇ મુજબ માજી સૈનિક માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર દ્વારા ધારાધોરણ મુજબ એકસ સર્વિસમેનની પરિભાષામાં આવતું હોય તેમજ ગુજરાત રાજ્યની સબંધિત જીલ્લા સૈનિક કલ્યાણ કચેરીઓ તરફથી એકસ સર્વિસમેનના ઓળખપત્ર **તા.૩૧/03/૨૦૨૧ સુધીમાં ઇસ્યુ થયા હોય** અને જેઓ એકસ સર્વિસમેનનું પેન્શન મેળવતા હોય તેઓને જ માજી સૈનિક તરીકે ગણવામાં આવશે.

(૧૯.૧૫) સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ અને તા.૩૧/૦૮/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મુખ્ય પરિક્ષામાં મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ આ માટે તેઓએ ભરતી તથા નિમણુંક સમયે પૂનઃ લગ્ન કરેલ ન હોવા જોઇએ. ઉપરાંત ભરતી બોર્ડ માંગે ત્યારે અને તેવા તમામ પુરાવા/પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવાના રહશે.

(૧૯.૧૬) એથ્લેટીકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહીત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનીસ, વોલીબોલ, ટેનીસ, વેઇટ લિફ્ટીંગ, રેસલીંગ, બોકસીંગ, સાઇકલીંગ, જીમ્નેસ્ટીક, જુડો, રાઇફલ શુટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે મુખ્ય પરિક્ષામાં મેળવેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦૭૩-૨૬૬૦-ગ-૨ અને તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-

૧૧૮૮-૩૬૪૪-ગ-૨માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર ભરતી બોર્ડ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમત-ગમતના વિશેષ ગુણ માટે હકદાર થશે. Sports માં અરજી કરનાર ઉમેદવાર જો ભરતી બોર્ડ માંગે ત્યારે આવું પ્રમાણપત્ર રજૂ નહીં કરી શકે તો આવા ઉમેદવારને Sports ના વિશેષ ગુણ મળવાપાત્ર થશે નહીં.

(૧૯.૧૭) શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (કેટેગરી - જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી., ઇ.ડબલ્યુ.એસ.), માજી સૈનિક, SEBC અને EWS માટે નોન ક્રિમિલેયર સર્ટીફીકેટ, NCC ‘C’ સર્ટી., રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી / રક્ષા શકિત યુનિર્વસિટીનું પ્રમાણપત્ર, રમત-ગમત, વિધવા અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ બોર્ડ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (પ્રમાણિત ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે. આવા પુરાવા રજુ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે તે તબક્કેથી “ રદ્દ ” કરવાપાત્ર થશે. તેમજ ભરતી પ્રક્રિયામાં કોઇપણ ભુલને કારણે ઉમેદવારની પસંદગી થયેલ હશે તો તે ભૂલ ધ્યાને આવતા ઉમેદવારની પસંદગી રદ્દ કરવામાં આવશે.

(૧૯.૧૮) અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો પાછળથી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો અને ઉમેદવારની ખરેખર કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતોમાં તફાવત પડશે તો તે અંગે બોર્ડનો નિર્ણય આખરી રહેશે.

(૧૯.૧૯) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે તે જ નંબર ચાલુ રાખવો. ભવિષ્યમાં બોર્ડ તરફથી આ ભરતી પ્રક્રિયાને સબંધિત સૂચનાઓ ઉમેદવારને આ નંબરના મોબાઇલ પર SMS થી મોકલવામાં આવશે. તેથી મોબાઇલ નંબર નહીં બદલવા સુચન છે.

(૧૯.૨૦) ભરતી પ્રક્રિયા માટે પરવાનગી આપતા તેવા પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થશે તે ઉપરાંત –

(ક) ભરતી બોર્ડ, તે ઉમેદવારને ગેરલાયક ઠરાવી શકશે, અથવા

(ખ) (૧) ભરતી બોર્ડ સીધી પસંદગી માટે લેવાની કોઇપણ પરીક્ષામાં બેસવા માંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા

(૨) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઇપણ નોકરી માંથી કાયમી રીતે અથવા નિર્દીષ્ટ મુદ્દત માટે ગેરલાયક/ બાકાત કરી શકશે.

(૧૯.૨૧) ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ્દ થવાને પાત્ર બનશે.

(૧૯.૨૨) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્દ કરવામાં આવશે.
(આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)

(a) ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.
(b) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.
(c) અરજીમાં ઉમેદવારે સહી કે રંગીન પાસપોર્ટ સાઇઝનો સુચવેલ ફોર્મેટમાં ફોટો અપલોડ કરેલ ન હોય.
(d) અરજી ફેકસથી, ઇમેઇલથી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય.
(e) ઉમેદવારે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.
(f) અનુસૂચિત જાતિ(SC), અનુસૂચિત જનજાતિ(ST), સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ(SEBC), બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો (EWS) તેમજ માજી સૈનિકના આધારે ઉમેદવારી નોંધાયેલ હોય તે અંગેનું સરકારશ્રીએ માન્ય કરેલ સર્ટિફિકેટ ધરાવતા ન હોય.
(g) સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ(SEBC)ના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ના હોવા અંગેનું સરકારશ્રીએ માન્ય કરેલ સર્ટિફિકેટ નોન ક્રિમીલીયર પ્રમાણપત્ર ધરાવતા ન હોય.
(h) બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો (EWS)ના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ના હોવા અંગેનું સરકારશ્રીએ માન્ય કરેલ સર્ટિફિકેટ નોન ક્રિમીલીયર પ્રમાણપત્ર ધરાવતા ન હોય.
(i) અનુસુચિત જન જાતિના ઉમેદવારો માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૨૨/૧૦/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦૨૦૧૮-૪૬૧૨૩૯-ગ.૨ માં જણાવ્યા મુજબ ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું માન્ય પ્રમાણપત્રો ધરાવતા ન હોય.

(૧૯.૨૩) જાહેરાત/સુચનાઓમાં જે ઠરાવો/નિયમો/પરિપત્રોનો ઉલ્લેખ કરેલ છે તેમાં વખતો-વખતના સુધારા પણ ધ્યાને લેવાના રહેશે. આ જાહેરાત સબંધે કોઇ વાદવિવાદ કે અર્થઘટન સબંધે કોઇ વિવાદ ઉપસ્થિત થશે, તે સંજોગોમાં સરકારશ્રી દ્વારા ભરતી બાબતમાં જાહેર કરેલ ભરતી નિયમો/પરિપત્રો/ઠરાવોની મૂળ જોગવાઇઓ અંતિમ રહેશે. તેમ છતાં જો આ બાબતે અર્થઘટન અંગેનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો સચિવશ્રી, ગૃહવિભાગ, ગાંધીનગરનો નિર્ણય

GPSC

આખરી રહેશે. જે અરજદારને બંધનકર્તા રહેશે. આ ભરતી નિયમો/પરિપત્રો/ઠરાવો ઉપરોકત પેરેગ્રાફ નંબર (૪) માં જણાવેલ સરકારશ્રીના ગૃહ વિભાગની વેબ સાઇટ http://home.gujarat.gov.in તેમજ સામાન્ય વહીવટ વિભાગની વેબ સાઇટ http://gad.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

## (૨૦) પસંદગી યાદી :

શારીરીક કસોટીમાં મેળવેલ ગુણ, **મુખ્ય** પરીક્ષામાં મેળવેલ ગુણ, એન.સી.સી. "સી" સર્ટીફીકેટના મળવાપાત્ર વધારાના ગુણ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી / રક્ષા શકિત યુનિર્વસિટી પ્રમાણપત્રના મળવાપાત્ર વધારાના ગુણ, રમતવીરોને મળવાપાત્ર વધારાના ગુણ તથા વિધવાને મળવાપાત્ર વધારાના ગુણ તથા ઉમેદવારે આપેલ Preference ને લક્ષમાં લઇને બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (UPSI) / હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર (પ્લાટુન કમાન્ડર) (APSI) / ઇન્ટેલીજન્સ ઓફિસર (IO) અને બિન હથિયારી મદદનીશ સબ ઇન્સ્પેકટર (UASI) સંવર્ગની આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

પસંદગી યાદી તૈયાર કરતી સમયે બે કે તેથી વધારે ઉમેદવારોના સમાન ગુણ હશે ત્યારે (૧) તેવા કિસ્સામાં ઉમેદવારોની જન્મ તારીખ ધ્યાને લેવામાં આવશે. જન્મ તારીખ પ્રમાણે વધુ ઉંમરવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે. (૨) જો ગુણ અને જન્મ તારીખ બંન્ને સમાન હોય ત્યારે ઉમેદવારોની ઉંચાઇ ધ્યાને લેવામાં આવશે, જે ઉમેદવારની ઉંચાઇ વધુ હશે તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૨/૧૦/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૮૯/૩૯૧૦/ગ.૨ માં જણાવ્યા પ્રમાણે નિયત થયા મુજબ પ્રતિક્ષાયાદી રાખવામાં આવશે નહીં.

## (૨૧) અરજી પત્રક ભરવા માટેની સુચનાઓ :

(૨૧.૧) તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ ઓનલાઇન અરજી https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી કરી શકાશે.

(૨૧.૨) નિયત લાયકાતો ધરાવતા ઉમેદવારોએ ઉપરોકત તમામ સંવર્ગની જગ્યાઓ માટે એક જ અરજી પત્રક ભરવાનું રહેશે.

(૨૧.૩) અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પૂરાવા રાખવા. જેથી તેના આધારે જ સાચી માહિતી અરજીમાં ભરી શકાય.

(૨૧.૪) ઓનલાઇન અરજી કન્ફર્મ કરીને અરજીની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

(૨૧.૫) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા નંબર (૨૨) માં આપેલ સુચના અનુસાર પરીક્ષા ફી પોસ્ટ ઓફીસ ખાતે રોકડમાં અથવા ઓનલાઇન ભરી શકાશે.

## (૨૨) પરીક્ષા ફી :

(૨૨.૧) જનરલ (General) કેટેગરીના ઉમેદવારોએ નીચે જણાવ્યા મુજબ ફી ઉપરાંત લાગુ પડતા પોસ્ટ ઓફીસના/બેંકના વહીવટી-સર્વિસ ટેક્ષના ચાર્જીસ ભરવાના રહેશે. (Scheduled Castes, Scheduled Tribes, Socially and Educationally Backward Classes, EWS, Ex Service Man ઉમેદવારોએ ફી ભરવાની નથી.)

| અ.નં. | કેટેગરી | ફી ની રકમ |
|---|---|---|
| ૧ | GENERAL | રૂ. ૧૦૦ |

(૨૨.૨) ઉમેદવારો જ્યારે વેબ સાઇટ ઉપર પોતાની અરજી કન્ફર્મ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે બે વિકલ્પો મળશે. (૧) Print Post office Challan (૨) Online Payment of Fees તે પૈકી માંથી ઉમેદવારોએ કોઇપણ એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે અને ફી ભરવા માટે આગળની જરૂરી કાર્યવાહી સમય મર્યાદામાં કરવાની રહેશે.

(૨૨.૩) જે ઉમેદવારો ઓનલાઇન ફી ભરવા માંગતા હોય, તેઓએ Online Payment of Fees ભરવા માટેનો વિકલ્પ પસંદ કરી, ઓનલાઇન બેન્કીંગ અથવા ATM/DEBIT કાર્ડ અથવા ક્રેડીટ કાર્ડ અથવા UPI થી પરીક્ષા ફી ભરવાની રહેશે. જે માટે પરીક્ષા ફી રૂ.૧૦૦/- તથા બેંક ચાર્જીસના નાણાં રૂ.૫.૯૦/- ભરવાના રહેશે. ઓનલાઇન ફી ભર્યા અંગેની પહોંચની પ્રિન્ટ કાઢી લઇ પોતાની પાસે રાખવાની રહેશે.

(૨૨.૪) જે ઉમેદવારો ઓફલાઇન ફી (પોસ્ટ ઓફીસ દ્વારા) ભરવા માંગતા હોય તેઓએ Print Post office Challan ભરવા માટેનો વિકલ્પ પસંદ કરી પોસ્ટ ઓફીસમાં ફી ભરવા માટેના ચલણના નકલની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે અને ઉમેદવારોએ ચલણ સાથે રાજ્યની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ્ડ પોસ્ટ ઓફીસમાં જઇને પરીક્ષા ફી રૂ.૧૦૦/- તથા પોસ્ટ ઓફીસ ચાર્જીસના નાણાં રૂ.૧૨/- ભરવાના રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલમાં સિક્કા કરી ઉમેદવારને પરત આપશે.

(૨૨.૫) પોસ્ટ ઓફીસમાં અરજી ફી ભરેલ ચલણ/ઓનલાઇન ફી ભરેલ પહોંચની નકલ ઉમેદવારે ભરતી બોર્ડ ધ્વારા માંગણી કરવામાં આવે ત્યારે અચૂક રજુ કરવાની રહેશે.

(૨૨.૬) અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

(૨૨.૭) પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તા.૦૬/૦૪/૨૦૨૧ (કચેરી સમય સુધી) તથા ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તા૦૬/૦૪/૨૦૨૧ (રાત્રિ કલાકઃ ૨૩.૫૯ સુધી) છે.

(૨૨.૮) ફી ભર્યા બાદ કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી. તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

(૨૨.૯) ઓનલાઇન અથવા પોસ્ટ ઓફીસ ખાતે પરીક્ષા ફી ભર્યા બાદ ૨૪ કલાકની અંદર જો આપના મોબાઇલ ઉપર ફી ભર્યા અંગેનો કોઇ મેસેજ ન આવે તો ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી ભરેલ છે તે જ પોસ્ટ ઓફીસનો અથવા જો ઓનલાઇન ફી ભરેલ હોય તો જે તે બેંક/બ્રાન્ચનો સંપર્ક કરવાનો રહેશે અને તેઓ મારફતે આગળની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

**(૨૩)** ઓનલાઇન અરજી કર્યા બાદ, શારીરિક ક્ષમતા કસોટી, પ્રિલીમીનરી પરીક્ષા, મુખ્ય પરીક્ષા તેમજ દસ્તાવેજ ચકાસણી માટેની તારીખો https://ojas.gujarat.gov.in વેબસાઇટ અથવા ભરતી બોર્ડની વેબસાઇટ મારફતે તમામ ઉમેદવારોને જાણ કરવામાં આવશે. તે મુજબ વેબ સાઇટ પરથી કોલ લેટર ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી લેવાના રહેશે. આમાં ચૂક થશે તો જવાબદારી ઉમેદવારની રહેશે.

**(૨૪)** વધુ પૃચ્છા માટે તા.૧૬/૦૩/૨૦૨૧ થી તા.૩૧/૦૩/૨૦૨૧ દરમ્યાન ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ ઉપર સવારના કલાક : ૧૦.૩૦ થી સાંજના કલાક ૦૬.૦૦ સુધી (જાહેર રજાના દિવસ સિવાય) પુછપરછ કરી શકાશે.

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૧૫/૦૩/૨૦૨૧

(વિકાસ સહાય, IPS)
અધ્યક્ષ પો.સ.ઇ. ભરતી બોર્ડ-૨૦૨૧ અને
પોલીસ મહાનિદેશક (તાલીમ),
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

Crack GPSC

12 પાસ,
ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
Quality એટલે
Crack GPSC

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

ક્લાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય ક્લર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

Crack GPSC
ક્રેક GPSC